1. બાબરની કારકિર્દી જણાવી, તેની સિદ્ધિનું મૂલ્યાંકન કરો.

- ઝહિર -ઉદ્-દીન-મુહમ્મદે (બાબરે) ઈ. સ. 1526ના પોણિપતના પ્રથમ યુદ્ધમાં લોદી વંશના અંતિમ સુલતાન ઈબ્રાહીમ લોદીને પરાજય આપીને ભારતમાં મુઘલવંશની સ્થાપના કરી.
- 1. જન્મ અને રાજયાભિષેક : મુઘલવંશના સ્થાપક ઝહિર-ઉદ્દીન-મુહમ્મદનો જન્મ 14 ફેબ્રુઆરી, 1483ના રોજ થયો હતો. તેના પિતા ઉમર શૈખ મિઝ પ્રખ્યાત વિવિજેતા તૈમૂર લંગના ચોથા વંશજ હતા અને ફરધાના(ઉઝબેકિસ્તાન)ના નાનકડા રાજ્યના શાસક હતા. તેની માતા કુતગ નિગારખાન ચંગીઝખાનની વંશજ હતી. આથી જ તેની કારકિર્દીમાં તુર્કોની હિંમત અને શક્તિ તથા મોંગલોની ક્રૂરતાનાં દર્શન થાય છે. મુહમ્મદને 'બાબર'(વાઘ)નું ઉપનામ યુનુસખાન (માતૃપક્ષે દાદા) તરફથી મળ્યું હતું અને તે જ પ્રચલિત બન્યું. ઈ. સ. 1494માં એક અણધાર્યો અકસ્માતમાં ઉમર શેખ મિઝનું અવસાન થતાં 11 વર્ષના બાબરને ફરવાનાની ગાદી મળી. તેની સગીર વયનો લાભ ઉઠાવીને તેના કાકા-મામાઓએ ફરવાના પર આક્રમણો કર્યા. આ ઉપરાંત ઉઝબેક જાતિઓનાં આક્રમણોથી પણ ફરવાનાને બચાવવાનું હતું. બાબરે આ બંને જવાબદારીઓ બહાદુરીપૂર્વક ઉપાડી લઈને 'બાબર' નામ સાર્થક કર્યું.
- 2. પાણિપતનું પ્રથમ યુદ્ધ : ઈ. સ. 1526માં બાબરે ભારત પર ચડાઈ કરી. દિલ્લી સલ્તનતના લોદી વંશના અંતિમ સુલતાન ઈબ્રાહીમ લોદીએ લશ્કર સાથે તેનો પ્રતિકાર કર્યો. બંને લશ્કરોએ પાણિપતના પ્રખ્યાત મેદાનમાં પડાવ નાખ્યો. યુદ્ધની શરૂઆત 21 એપ્રિલ, 1526ના રોજ થઈ. બાબર અનુભવી સેનાની હતો. જોકે તેનું લશ્કર ઘણું ઓછું હતું. સામે પક્ષે ઈબ્રાહીમ લોદી બિનઅનુભવી સેનાની હતો. તેના સૈનિકો ભાડૂતી હતા. બાબરના સૈનિકો કસાયેલો હતો. તેમનામાં અતૂટ હિંમત હતી. બાબરે આ યુદ્ધમાં સૌપ્રથમ વાર તોપોનો અને તોપદળનો ઉપયોગ કર્યો. તેના લશ્કરે ત્રણ દિશાએથી તોપોના મારાની સાથે ધસારો કર્યો અને મધ્યાહ્ન સુધીમાં તો બાબરનો સંપૂર્ણ વિજય થયો. આ યુદ્ધમાં ઈબ્રાહીમ લોદી મૃત્યુ પામ્યો. બાબરે ઈ. સ. 1526માં દિલ્લીની ગાદી પર 'મુઘલવંશ'ની સ્થાપના કરી.
- 3. બાબરની ભારતમાંની કારકિર્દી : બાબરમાં ભારત પર ચડાઈ કરવાનું નિમંત્રણ આપનાર અફઘાનો એમ માનતા હતા કે બાબર તેના પૂર્વજ તૈમૂરની જેમ દિલ્લી લુંટીને પાછો જતો રહશે, પરંતુ બાબરે ભારતમાં જ સ્થાપી થવાનો પોતાનો મક્કમ નિર્ધાર જાહેર કર્યો. આથી રાજપૂત રાજામોને એ પણ સમજાઈ ગયું કે દિલ્હીમાં સ્થાપવાની મહત્વકાંક્ષા માટે તેમને છેવટેનું યુદ્ધ લડી લીધા સિવાય છૂટકો નથી. રાજપૂતની સામે ખનવાનું યુદ્ધ (ઈ. સ. 162) : આ સમયે મેવાડના રાણી સંગ્રામસિંહ રાજપૂતોનો જનતા માતો. તેની સરદારી રાજપૂતોનો એક શક્તિશાળી સંઘ સ્થપાયો. બાબરે આ યુદ્ધને જેહાદ'નું નામ આપ્યું, જ્યારે સામે પક્ષે રાજપૂત સંઘે મુસ્લિમ ખમીરોની મદદથી માતૃભૂમિના સામાન્ય શત્રનો જ કરવાની તૈયારી કરી. ઈ. સ. 1527માં માનવા મુકામે ભારે યુદ્ધ થયું. રાજપૂતોએ સાહસ, શૌર્ય અને બલિદાનની ઊંચી ભાવનાનાં દર્શન કરાવ્યાં, પરંતુ ઊંચી જાતનાં શસ્ત્રો અને તોપોના પ્રહાર માટે રાજપૂતો ટકી શક્યા નહિ. આથી બાબરનો સંપૂર્ણ વિજય થયો.
- 4. અફઘાનો સામે ગોગ્રાનું યુદ્ધ (ઈ. સ. 1528) બાબર રાજપૂતો સાથે યુદ્ધમાં રોકાયેલો હતો. તેનો લાભ લઈ અફઘાનોએ બિહારમાં પોતાની સત્તા જમાવી. બાબરે રાજપૂતોને નમાવ્યા પછી અફઘાનો તરફ કૂચ કરી. કેટલાક અફવાનોએ શરણાગતિ સ્વીકારી , જ્યારે બાકીના અફઘાનોને ઈ. સ. 1528ના ગોગ્રાના યુદ્ધમાં બાબરે સખત પરાજય આપ્યો. આમ, બાબરે દિલ્લી અને તેની આજુબાજુનો ધણોખરો પ્રદેશ મેળવીને મુઘલવેશની પ્રતિષ્ઠા અને સત્તામાં વધારો કર્યો.

- 5. બાબરનું અવસાન (ઈ. સ. 1530) મહામુસીબતે મેળવેલા રાજ્યને માણવા માટે બાબર વધુ સમય જીવી શક્યો નહિ. પારાવાર મુશ્કેલીઓ અને આપત્તિઓ, સતત યુદ્ધો, રખડપટ્ટી અને વ્યસનોને લીધે બાબર બીમાર પડ્યો. ઈ. સ. 1530માં તેનું અવસાન થતાં હુમાયુ તેનો વારસદાર બન્યો.
- 6. બાબરનું ઇતિહાસમાં સ્થાન : બાબરના વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરતાં ઇતિહાસકાર હવેલ લખે છે કે, "બાબરને આકર્ષક વ્યક્તિત્વ, કલાત્મક સ્વભાવ અને રોમાંચક કારકિર્દી તેને ઇસ્લામના ઇતિહાસના સૌથી વધુ આકર્ષક વિભૂતિઓમાં સ્થાન અપાવે છે." બાબરે દઢ ઇચ્છાશક્તિન, અખૂટ ખંત, અદમ્ય ઉત્સાહ અને આત્મશ્રદ્ધા વડે પોતાની મહત્ત્વાકાંક્ષા પાર પાડી. તેનામાં શારીરિક શક્તિઓ ઉપરાંત માનસિક શક્તિ પ્રબળ હતા. તે સાહસિક, શૂરવીર, અનુભવી, કાર્યદક્ષ અને કાબેલ સેનાપતી હતો. બાબરનાં વાણી અને વર્તન સરદારો અને સૈનિકોમાં સ્વામીભક્તિ અને શ્રદ્ધા પ્રેરતાં. તે પ્રેમાળ પિતા, માયાળુ માલિક , દિલોજાન મિત્ર અને જાની દુશ્મન હતો. બાબર વિજેતા હોવા ઉપરાંત લેખક, કવિ અને વિવેચક પણ હતો. તેણે તુર્કી ભાષામાં પ્રવાહી અને સુંદર શૈલીમાં, 'કાવ્યસંગ્રહ' (દીવાન) લખ્યો છે. બાબરે લખેલી આત્મકથી 'તુઝુ - કે- બાબરી' (બાબરનામા)ને ઇતિહાસકારો 'સમગ્ર એશિયાની એકમાત્ર અધિકૃત ઐતિહાસિક કૃતિ ગણાવે છે. આ પુસ્તકમાં બાબર ની સત્યપ્રિયતા એનું નિખાલસતા સ્પષ્ટપણે દેખાય છે. આ આત્મકથા દ્વારા ઈશ્વરમાં દઢ શ્રદ્ધા રાખનાર, ધ્યેયનિષ્ઠ, રસિક, વિદ્યા કલાના શોખીન અને સંસ્કારી પુરુષ તરીકે બાબર નું વ્યક્તિત્વ ઊપસી આવે છે.

## 2. શેરશાહની સિદ્ધિઓ વર્ણવો.

- ઈ. સ. 1640થી 1545 દરમિયાન ભારતમાં અફઘાન સત્તાની પુનઃ સ્થાપના થઈ હતી. ભારતમાંથી મુઘલોને હાંકી કાઢી અફઘાનોની સત્તાને પુનઃ સ્થાપિત કરનાર શેરશાહ સૂરી હતો. ઈ. સ. 1540માં હુમાયુ અને શેરશાહ વચ્ચે કનોજનું યુદ્ધ થયું. આ યુદ્ધમાં હુમાયુના લકરનો પરાજય થયો અને શેરશાહ વિજયી બન્યો. શેરશાહે દિલ્લીની ગાદી પર 'સુરીવંશ'ની સ્થાપના કરી. પોતાને સ્વતંત્ર રાજા તરીકે જાહેર કર્યો અને પોતાના નામના સિક્કાઓ પડાવ્યા.
- તેણે બંગાળા, માળવા, રાયસીન, સિંધ, પંજાબ, મુલતાન અને મારવાડના પ્રદેશો પર વિજય પ્રાપ્ત કર્યો. ઇ. સ. 1545માં કાલિંજરના કિલ્લા પરના આક્રમણ દરમિયાન અકસ્માતે દારૂગોળો સળગી ઊઠતાં તે સખત રીતે દાઝી ગયો અને અવસાન પામ્યો. શેરશાહ એક સામાન્ય જાગીરદારમાંથી દિલ્લીનો સમ્રાટ બન્યો હતો. તે શક્તિશાળી શાસક અને ઉત્તમ વહીવટકર્તા હતો. કપરા સંજોગોમાંથી પાર ઉતરીને તે આપબળે સામાન્ય સ્થિતિમાંથી સમ્રાટ બન્યો હતો. શેરશાહ અનુભવ માથી શીખ્યો હતો કે રાજ્યની ઉન્નતિનો આધાર પ્રજાની સુખ, શાંતિ અને સમૃદ્ધિ તથા સંતોષ પર રહેલો છે. તે દઢપણે માનતો હતો કે રાજ્યની સમૃદ્ધિ અંગત ભોગવિલાસ પર નહિ, પરંતુ જનતાના કલ્યાણ માટે જ છે.
- આવા ઊંચા અને ઉમદા આદને વરેલો શેરશાહ પોતાના શાસનકાળ દરમિયાન પ્રજાને સર્વદા સુખી કરવાના પ્રયાસો કરતો રહ્યો. શેરશાહના સુધારા : શેરશાખના પ્રતિભા સર્વતોમુખી હતી. તે એક કુશળ અને કાર્યક્ષમ વહીવટીતંત્રનો પ્રયોજક તાં. છેવટ સુધી યુધ્ધ માં પ્રવૃત્ત રહેવા છતાં તેણે જનતાના લ્યાણ માટે યુગપ્રવર્તક અને મૂળભૂત સુધારાઓ કર્યા હતા. આધુનિક ભારતની શાસનવ્યવસ્થામાં પણ તેના સુધારાના અમુક અંશે જળવાઈ રહ્યા છે. તેના વહીવટીતંત્રમાં પ્રજાકલ્યાણની ભાવનાનું સ્થાન પ્રથમ હતું.

- 1. વહીવટી સુધારા વહીવટીતંત્રમાં સર્વોચ્ચ સત્તા શેરશાહને હસ્તક હતી. બધા જ અગત્યના હુકમો અને અમલદારોની નિમણુક તે જાતે કરતો. વહીવટની સુગમતા માટે તેણે સામ્રાજ્યના 47 વિભાગો પાડ્યો હતા. દરેક વિભાગ 'સર કાર' કહેવાતો. તેના પેટાવિભાગો 'પરગણાં' કહેવાતા. વહીવટનું છેલ્લું એકમ 'ગામડું' હતું. તેમાં દીવાની, ફોજદારી અને મહેસુલી ફરજો બજાવવા માટે કાર્યક્ષમ અધિકારીઓ નીમ્યા હતા. લાંચ-રુશવત અને લાગવગને રોક્વા માટે બે કે ત્રણ વર્ષે અમલદારોની બદલી કરવામાં આવતી હતી.
- 2. મહેસૂલી સુધારા : શેરશાહે રાજ્યની તમામ જમીનની માપણી કરાવી. ટોડરમલ નામના અધિકારીની મદદથી તેણે જમીનની ઊપજ પ્રમાણે જમીન મહેસૂલની પદ્ધતિ અપનાવી. જમીનનો પ્રકાર અને ઊપજની સરાસરી કાઢી જમીન - મહેસૂલ ઉઘરાવવા કોષ્ટક નક્કી કર્યું. આ કોષ્ટક મુજબ જ જમીન-મહેસૂલ ઉઘરાવવામાં આવતું. આથી ખેડૂતોની સ્થિતિમાં ધરમૂળથી ફેરફારો થયા. શેરશાહની ઓ મહેસૂલ પદ્ધતિ સમ્રાટ અકબરે પણ અપનાવી હતી. ખેડૂતો પર જે અમલદારો જુલમ કરે તેમને કડક શિક્ષા થતી. દુષ્કાળ કે બીજી કુદરતી આફતો દરમિયાન ખેડૂતોને રાહત અને મદદ મળતી.
- 3. લશ્કરી સુધારા : ભારતની સરહદોને સુરક્ષિત અને સહીસલામત બનાવવા માટે શેરશાહે ઠેર ઠેર કિલ્લાઓ બંધાવ્યો. દરેક કિલ્લામાં એક સૈન્ય રાખવામાં આવતું હતું. લશ્કરમાં કડક શિસ્ત દાખલ કરવામાં આવી. લશ્કર કચ કરે ત્યારે સૈનિકો જો ગામની પ્રજાને રંજાડે અથવા પાકને નુકસાન કરે, તો તેમને સખત સજા કરવામાં આવતી. સૈનિકોને ઉચ્ચક વેતન આપવાની પ્રથા નાબૂદ કરવામાં આવી. સૈનિકોનું પગારધોરણ તેમના હોદા પ્રમાણે નક્કી કરવામાં આવ્યું.
- 4. પોલીસ વ્યવસ્થા : રાજ્યમાં શાંતિ, સુરક્ષા અને સલામતી માટે પોલીસ વ્યવસ્થા કરવામાં આવી હતી. શેરશાહે સ્થાનિક ગુનાઓ માટે સ્થાનિક અમલદારોને જવાબદાર ગણાવીને સમગ્ર રાજ્યમાં શાંતિ અને સહીસલામતી સ્થાપી હતી. ચોરી, લૂંટ કે ખૂનના ગુનેગારોને સ્થાનિક અમલદારો શોધી શકે નહિ તો તેમને સજા કરવામાં આવતી હતી.
- 5. અદાલતો અને ન્યાય : શેરશાહનો ન્યાય નિષ્પક્ષ હતો. તેમાં લાગવગ કે સગાઈ સંધાનું સ્થાન ન હતું. ન્યાયમાં હિન્દુ-મુસ્લિમ વચ્ચેનો ભેદભાવ ન હતી. બંનેને ફોજદારી કાયદાઓ સમાનપત્તો લાગુ પડતા હતા. ચોરી કે લટકાટ માટે પણ ફાંસીની સજા થની શિક્ષા ગુનેગારના નહી, પરંતુ બીજાઓને સુધારવાને માટે કરવામાં આવતી હતી.
- 6. સિક્કાઓ, વેપાર અને રસ્તાઓ અંગેના સુધારાઓ : શેરશાહ ટંકશાળને વ્યવસ્થિત કરી અને અગત્યનાં સ્થળોએ નવી ટંકશાળો શરૂ કરી. તેણે ચાંદીના રૂપિયાના સિક્કાનું ચલણ અખલ ક્યું. સિકકાના આકાર અને વજન પણ નક્કી કરવામાં આવ્યાં. વેપારને ઉત્તેજન આપવા માટે ઠેર ઠેર જકાત ઉઘરાવતાં નાકાઓ કાઢી નાખ્યાં. વેપાર પરના તમામ કરવેરા રદ કર્યા. વેપારના વિકાસ માટે તથા માલસામાનની અને મસાફરોની ઝડપી હેરફેર માટે શેરશાહે ત્રણ મોટા ધોરીમાર્ગો બંધાવ્યા : (1) આગરાથી બુરહાનપુર, (2) આગરાથી મારવાડ અને (3) લાહોરથી મુલતાન. આ માર્ગો પર કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પાકો બંદોબસ્ત કર્યો અને રસ્તાઓને સુરક્ષિત બનાવ્યા. રસ્તાઓની બંને બાજુએ છાયા માટે ઘટાદાર વૃક્ષો, વિશ્રામસ્થાનો તેથી ધર્મશાળાઓની સુંદર વ્યવસ્થા કરી. તેણે ટપાલની સુંદર વ્યવસ્થા દાખલ કરી. આ માટે થોડે થોડે અંતરે સશક્ત ઘોડેસવારો રાખ્યા. આમ, ટપાલ અને જાસુસી પ્રથાથી શેરશાહને દૂરદૂરના પ્રદેશોમાં બનતા બનાવોની ઝડપથી જાણકારી મળી જતી.

પ્રજા સંસ્કારી અને ચારિત્ર્યશીલ બને એ માટે શાળા, પાઠશાળાઓ અને ગ્રંથાલયોની યોજના પણ તેણે અમલમાં મૂકી હતી.

- 7. ઉપસંહાર : શેરશાહના સુધારાઓમાં તેની સર્વતોમુખી પ્રતિભાનાં દર્શન થાય છે. તેના વિજયો કરતાં પણ તેના સુધારાઓ વધુ મહાન છે. પાંચ વર્ષના ટૂંકા ગાળામાં અને યુદ્ધમાં પ્રવૃત્ત રહેવા છતાં શેરશાહે આવા કાયમી, મૂળગામી અને મહત્ત્વના સુધારાઓ કરી ભારતના ઇતિહાસમાં અપ્રતિમ સ્થાન અને પ્રતિષ્ઠા મેળવ્યાં.

### 3. શાહજહાંના સમયે તેણે કરેલાં બાંધકામ જણાવો.

- કલા-સ્થાપત્ય પ્રત્યે મુઘલ સુલતાનોનો રસ પ્રશંસાપાત્ર હતો. ઔરંગઝેબના અપવાદ સિવાય બધા જ મુઘલ બાદશાહોએ ભારતને સુંદર ઇમારતો દ્વારા શણગાર્યું હતું. આજે પણ તેમની ભવ્ય ઇમારતો મુઘલ યુગની સમૃદ્ધિ અને જાહોજલાલીની સાક્ષી પૂરે છે. શાહજહાંનો સમય ભવ્યતા અને જાહોજલાલીનો હતો. તેને સ્થાપત્ય કલાનો ભારે શોખ હતો. તે મુઘલ સામ્રાજ્યની શાન અને શોભા વધારવાની મહત્ત્વાકાંક્ષા રાખતો હતો. શાહી ખજાનામાંથી કરોડો રૂપિયાનો ખર્ચ કરીને તેણે એ શોખ પૂરો કર્યો હતો.
- શાહજહાં સ્થાપત્યની બાબતમાં ભારતનો પેરિબ્લિસ અને ઓક્ટવિયન સિઝર હતો. તેણે અનેક મહેલો, મસ્જિદો, કિલ્લા અને બગીચાઓ બંધાવ્યાં હતાં. તેની ઇમારતો આજે પણ દિલ્લી, આગરા, લાહોર, કાબુલ, કંદહાર, કશ્મીર, અજમેર, અમદાવાદ વગેરે શહેરોમાં છે. શાહજહાં માટે એમ કહેવામાં આવે છે કે, "જો તેણે ઇમારતો બાંધ્યા સિવાય બીજું કંઈ જ ન કર્યું હોત તો પણ તેનો સમય 'સુવર્ણયુગ' ગણાત.'' શાહજહાંએ બંધાવેલી ઇમારતો અકબરે બંધાવેલી ઇમારતો ઓછી વિશાળ હતી, પરંતુ તે વધુ સુંદર અને શણગારાયેલી હતી. ઈ. સ. 1631માં શાહજહાંની બેગમ મુમતાજમહલ અવસાન પામી. તેણે પોતાની પ્રિયબેગમની યાદમાં પ્રેમના પ્રતીકરૂપે આગરામાં યમુના નદીને કિનારે 'તાજમહાલ' નામની ભવ્ય ઇમારત બંધાવી.
- વિશ્વની અજાયબી ગણાતી આ આલીશાન ઇમારત સુંદર, સફેદ અને ચકચકિત આરસપહાણમાંથી બનાવી હતી. તાજમહાલમાં શાહજહાં અને મુમતાજની કબરોની આસપાસ જુદા જુદા રંગોવાળા આરસોના ટુકડાઓમાંથી બનાવેલા વેલ, બટ્ટા અને પુષ્પોનું સૌંદર્ય અનુપમ છે. તેને વિવેચકો 'સંગેમરમરમાં કંડારેલું પ્રેમકાવ્ય' કહે છે. આ ઇમારતનું નિર્માણ ઉસ્તાદ ઈશા નામના કલાકારે કર્યું હતું. શાહજહાંએ દિલ્લી પાસે 'શાહજહાંનાબાદ' નામનું નગર બંધાવ્યું હતું. જે આજે લાલ કિલ્લા' નામે વિખ્યાત છે, તે કિલ્લો પણ તેણે જ બંધાવ્યો હતો. તેણે દિલ્લીમાં 'જુમ્મા મસ્જિદ' તેમજ 'દીવાને-આમ' અને 'દીવાને- ખાસ' નામનાં બે ભવ્ય અને રમણીય સભાગૃહો બંધાવ્યાં. આગરામાં તેણે મશહૂર મોતી મસ્જિદ બંધાવી. કશ્મીર, આગરા, લાહોર અને દિલ્લીમાં તેણે સુંદર બગીચાઓ બંધાવ્યા હતા. આ ઉપરાંત તેણે કળા કરતા બે મોરની રચનાવાળું 'તખ્તતાઉસ' (મયૂરાસન) નામનું સિંહાસન તૈયાર કરાવ્યું હતું. જવાહરલાલ નેહરુ શાહજહાની ઇમારતો માટે લખે છે કે, પરીના જેમ શોભતો તેની ઇમારતો, ''મુઘલોની જાહોજલાલી અને દબદબાની પરાકાષ્ઠાનું સૂચન કરે છે.''

### 4. મુઘલ યુગની સામાજિક સ્થિતિનું આલેખન કરો.

- ડો. મજુમદાર અને તે યથાર્થપણે લખ્યું છે કે, મુઘલ યુગનો સાચો ઇતિહાસ તો તેમના સમયની સામાજિક પરિસ્થિતિમાંથી જ મળી શકે. કમભાગયે તેના વિશે મુસ્લિમ કે બિનમુસ્લિમ લેખકો ઘણી ઓછી માહિતી આપે છે, યુરોપિયન લેખ કોની નોંધ પરથી આ વિશે માહિતી મળે છે.

- 1. સમાજના ત્રણ વગો મુપલ સમયનો સમાજ મુખ્ય ત્રણ વર્ગમાં વહેંચાયેલો હતો : ઉચ્ચ વર્ગમાં સમ્રાટ અને તેમનાં કુટુંબીજનો, અમીર-ઉમરાવો, સરદારો અને અધિકારીઓનો સમાવેશ થતો હતો. તેઓ પ્રજાના પૈસે વૈભવી જીવન જીવતા. ભપકાથી સામાજિક અને ધાર્મિક ઉત્સવો તથા પ્રસંગો ઉજવતા. શરાબ અને ભપકામય જીવન તેમના શોખ હતા. કેટલાક સમ્રાટો, સામંતો અને ઉમરાવો ઘનશીલ તથા સાહિત્ય અને કલાના પોષક હતા.
- મધ્યમ વર્ગમાં નાના સરકારી કર્મચારીઓ, વૈપારીઓ, દુકાનદાર, નાના સામંતો, શિલ્પીઓ, સ્થપતિઓ અને કૂશળ કારીગરોનો સમાવેશ થતો હતો. તેમનું જીવન સાદું, સંયમી અને કરકસરભરેલું હતું. તેઓ હંમેશાં સંપત્તિ છુપાવવાનો પ્રયત્ન કરતા. તેમને અપ્રામાણિક અને ધનલોભી કોટવાળો, સરદારો, ઉચ્ચ અધિકારીઓ તરફથી ધન પડાવી લેવાનો સતત ભય રહેતો. આમ છતાં, કેટલાક ગામના ચૌધરી, મુકાદમો અને નાના જમીનદારો સમાનપૂર્વકનું જીવનું જીવતો હતો. નીચલા વર્ગમાં ખેડૂતો, નાના અને પરચુરણ વેપારીઓ, દૈનિક મજૂરી કરનારાઓ, ગુલામો, સેવકો વગેરેનો સમાવેશ થતો હતો. તેમની સ્થિતિ કફોડી હતી.
- 2. ખોરાક અને પીણાં : મુઘલ યુગમાં મોટા ભાગના લોકો પોતાના બારાકમાં ચોખા, ઘઉં, જવ, દૂધ, દહી, ઘી, તેલ, માખણ, શાકભાજી, અથાણું વગેરે લેતા હતા. ઉચ્ચ વર્ગના લોકો જમ્યા પછી ફળ, સુકા મૅવા, દૂધ વગેરે હતા. પાન ખાવાનો રિવાજ ખૂબ જ પ્રચલિત હતો.. બાદશાહોના ભોજનમાં વિવિધ પ્રકારની વાનગીઓનો સમાવેશ થતો હતો. ગીરના શાસનકાળ દરમિયાન તમાકુનો ઉપયોગ ખુબ પ્રમાણમાં વધ્યો હતો. અમીર ઉમરાવોમાં દારૂનું સેવન પણ વધ્યું હતું.
- 3. વસ્રાલંકારો : મયલ યુગના મોટા ભાગના લોકો સુતરાઉ અને હાથવણાટનાં વસ્રો પહેરતા હતા. મધ્યમ વર્ગે ના લોકો ધોતી, અંગરખું અને પાઘડી પહેરતા, જ્યારે એ મીર-ઉમરાવો અને શાહી કરંબના સભ્યો રેશમી અને જરીના વસ્રો પહેરતા. હિન્દુ મહિલાઓ સાડી, ચણિયો અને બ્લાઉઝ પહેરતી, જ્યારે મુસ્લિમ મહિલાઓ તાં, પાયજામો અને દુપટ્ટાનો ઉપયોગ કરતી. તે સમયમાં ભરતકામવાળાં વસ્રોની ફેશન હતી. અલંકારોમાં પુરુષો માળા, વાણી અને વીટી પહેરતા; જ્યારે મહિલાઓ ચોકી, ટીકો, દામણી, નથ, કર્ણક્લ, વાળી, કુંડળ, માળા, નેકલેસ, બાજુબંધ, કડાં - કંકણ, પહોંચી, વીટી, કંદોરો, પાયલ, વીછિયું, અંગૂટી વગેરે અલંકારો પહેરતી. અબુલ ફઝલે ‘આઈને અકબરી’માં કુલ 37 પ્રકારના અલંકારોનો ઉલ્લેખ કર્યો છે. આ અલંકારો સોના, ચાંદી, અન્ય ધાતુઓ તથા રત્નોના બનેલા રહેતા.
- 4. મનોરંજનનાં સાધનો : મુઘલ યુગના લોકોનાં મનોરંજનનાં સાધનોમાં શતરંજ, ચોપાટ, પત્તા, જાદુના ખેલ, કુસ્તી, પોલો, બાજીગરી, ઘોડાદોડ, પશુ-પક્ષીઓની સાઠમારી વગેરેનો સમાવેશ થતો હતો. પતંગ ચગાવવાનો શોખ સર્વત્ર જોવા મળતો હતો. સમ્રાટો વિવિધ રમતો અને શિકારના ખૂબ જ શોખીન હતા. સમાજમાં જુગાર અને વ્યભિચારનું વ્યસન હતું. સમ્રાટોને બગીચા બનાવવાનો અને તેમાં વિાર કરવાનો શોખ હતો.
- 5. મહિલાઓનું સ્થાન અને દરજજો : આ યુગમાં મહારાષ્ટ્રમાં મહિલાઓનું સ્થાન અને સ્થિતિ સારી હતી, જ્યારે બંગાળમાં તેમની સ્થિતિ સંતોષકારક ન હતી. સમાજમાં મહિલાઓ સતીપ્રથા, પડદાપ્રથા, દહેજ, બાળલગ્ન, ગુલામીપ્રથા વગેરે કુરિવાજોનો ભોગ બનતી હતી, પુત્રીનો જન્મ દુઃખદ ગણાતો. આ યુગની પ્રતિભાસંપન્ન નારીઓમાં ગુલાબદન બેગમ, નુરજહાં, ચાંદબીબી, મુમતાજમહલ, રોશનખારા, ઝેબુનીસા જેવી મુસ્લિમ મહીલા અને તારાબાઇ, રાણી દુર્ગાવતી, જીજાબાઈ જેવી હિન્દુ મહિલાઓ ઉલ્લેખનીય છે. સામાન્ય વર્ગની

મહિલાનોની સ્થિતિ, સ્થાન અને દરરજો ઉતરતી કક્ષાના હતા. તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઓછું હતું.તેઓ સામાજિક, ધાર્મિક મેળાઓમાં તથા તીર્થ યાત્રાઓમાં ભાગ લઈ શક્તી.

5. જહાંગીરના શાસનના મુખ્ય બનાવો જણાવો.

- અકબરના અવસાન પછી તેનો પુત્ર સલિમ 'જહાંગિર' (દુનિયાને જીતનાર) ઉપનામ ધારણ કરી ગાદીએ બેઠો. તેણે 22 વર્ષ સુધી શાસન કર્યું. તે વ્યસની, વિલાસપ્રિય તથા શિથિલ શાસક હતો. તેની બેગમ નુરજહા ચતુર અને શક્તિશાળી મહિલા હતી. મોટા ભાગનો રાજકારભાર તે જ ચલાવતી હતી. તેનો ભાઈ આસફખાન સામ્રાજ્યનો 'વજીર (મુખ્ય પ્રધાન) હતો. સફખાનની પુત્રી મુમતાજમહલને જહાંગીરના પુત્ર ખુરમ સાથે પરણાવવામાં આવી હતી.
- જહાંગીરના શાસનના મુખ્ય બનાવો : જહાંગીરના શાસનકાળ માં ઈરાનના શાહ અબ્બાસે કંદાર પર હુમલો કર્યો, જેને નિષ્ફળ બનાવવામાં આવ્યો. મેવાડનો વિજય એ જહાંગીરના સમયની એક મહાન લશ્કરી સિદ્ધિ ગણાય છે. મેવાડના રાજા રાણા પ્રતાપના પુત્ર અમરસિંહ તથા મુઘલ સૈન્ય વચ્ચે વર્ષોથી યુદ્ધ ચાલતું હતું. ઈ. સ. 1608ના યુદ્ધમાં મેવાડનો પરાજય થયો. જહાંગીરે પોતાના વીર અને બહાદુર દુશમન અમરસિંહ અને તેના પુત્ર કરણની હાથી પર સવાર થયેલી મૂર્તિ આગરામાં સ્થાપિત કરાવી. તેણે બુંદેલખંડના રાજા વીરસિહદેવને ગોંડવાનાનો બાકી રહેલો ભાગ જીતવા માટે આપી દીધો. જહાંગીરના લશ્કરે ઈ. સ. 1612માં કામરૂપનો પ્રદેશ જીતી લીધો.
- દષ્ણ ની ભૌગોલિક પરિસ્થિતિ, મુઘલ સરદારોમાં કુસંપ વગેરેને કારણે વજીર મલિક અંબરે મુઘલો પાસેથી અહેમદનગરને પરત લઈ લીધું. આથી જહાંગીરે ઈ. સ. 1617માં શાહજાદા ખુર્રમને અહમદનગર જીતવા મોકલ્યો. શાહજાદા ખમે સંધિ -ખત તૈયાર કરી સુલતાન નિઝામશાહ પર મોકલ્યું. મુઘલોની જેગી તૈયારી જોઈને અહમદનગરના સુલતાને સંધિનો અને મુઘલોની સર્વોપરી સત્તાનો સ્વીકાર કર્યો. આ સફળતાને કારણે શાહજાદા ખુમનું બહુમાન કરવામાં આવ્યું અને તેને 'શાહજહાં'નો ખિતાબ આપવામાં આવ્યો. કાંગડાનો અજેય કિલ્લો પંજાબના ઈશાન ખૂણે આવેલો હતો. અકબરના સમયમાં તેના પર વિજય મેળવવાના નિષ્ફળ પ્રયત્નો થયો હતો. જહાંગીરે શાહજાદા ખુમની મદદથી ઈ. સ. 1630માં કાંગડા પર વિજય મેળવ્યો. જહાંગીરના સમયની આ એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ ગણાય છે.
- 16મી સદીની શરૂઆતમાં ફિરંગીઓ (પોર્ટુગીઝો)એ આરાકાનના કિનારા પર વસવાટ શરૂ કરી દીધો હતો અને ચટગામને પોતાનું મુખ્ય મથક બનાવ્યું હતું. આરાકાના રાજા અને ફિરંગીઓએ ભેગા મળીને વાકરગંજ જીતી લીધું અને ઢાકા શહેરને લૂંટ્યું, બંગાળ પર વારંવાર તેમના આક્રમણો થતાં. ઈ. સ. 1600માં ઈંગ્લેન્ડમાં 'ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના થઈ. ફિરંગીઓ ભારતમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર જોર જુલમથી કરતા હતા. જ્યારે વલંદાઓ હોલેન્ડના ડચ લોકો) અને (ઈંગ્લેન્ડના) અંગ્રેજો કટ્ટર પ્રચારકો ન હતા. ઈ. સ. 1608માં સર વિલિયમ હોકિન્સ જહાંગીરના દરબારમાં આવ્ય, જહાંગીરે તેને આવકાર્યો અને વેપારી સુવિધાઓ પણ આપી. હોકીન્સ પછી સર ટોમસ રો ભારત મા 'બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની' ના પ્રતિનિધિ તરીકે વેપારી સંધિ કરવા આવ્યો. તેણે જહાંગીરે સુરતમાં વેપારી કોઠી સ્થાપવાની પરવાનગી અને જરૂરી સુવિધાઓ પણ આપી. ઇ.સ. 1616 માં ડચ વેપારી વોન ડર બ્રોકે પણ સુરત ઉપરાંત આગ્રા,વડોદરા,અને અમદાવાદ મા વેપારી કોઠીઓ સ્થાપી. આમ, જહાંગીરના સમયમાં પશ્ચિમ યુરોપિય પ્રજાનો ભારતમાં પગપેસારો થયો. જહાંગીરે તેના સમગ્ર શાસન દરમિયાન અકબર ની નીતિઓ મા કોઈ ફેરફાર કર્યો નહતો. તેમાં તેની દુરદુન્શી વૃતી અને રાજકીય

કુનેહ જણાય છે. અકબરની સામ્રાજયવાદી નીતિ તેણે આગળ ધપાવી. મેવાડ વિજય એ તેની સાબિતી છે. એશઆરામી જીવન અને નુરજહાં તરફ ના વધુ પડતાં પ્રેમ ને લીધે રાજય અને પ્રજા તરફ દુર્લક્ષ્ય તેની ગંભીર ભૂલો હતી.

6. ''ઔરંગઝેબના વ્યક્તિત્વમાં પરસ્પર વિરોધી ગુણી અને લક્ષણો હતાં.'' આ વિધાનની ચર્ચા કરો.

- જહાંગીર અને શાહજહાના સમયમાં મુઘલ યુગનો સૂર્ય પૂર્ણકળા એ પ્રકાશ્યા પછી ઔરંગઝેબના 50 વર્ષના શાસન કાળ દરમિયાન તેનો પ્રકાશ ઝાંખો પાડવા માંડ્યો અને તેના અવસાન પછી મુઘલ સતા ની અસ્તાચળ તરફ જવાની શરૂઆત થઈ. મોહિયુદીન મહમદ ઔરંગઝેબ , શાહજહાં, અને મુમતાજમહલના 14 સંતાનોમાં છઠ્ઠું સંતાન હતો. તેનો જન્મ 24 મી ઑક્ટોબર, 1618ના રોજ દાહોદ મુકામે થયો હતો.
- ઇ.સ. 1657માં શાહજહા બીમાર પડતાં તેના ચાર પુત્રો દારા, સુજા, રંગઝેબ અને મુરાદ વચ્ચે ગાદી માટે વિગ્રહ શરૂ થયો. તેમાં છેવટે ઔરંગઝેબ સફળ થયો. શાહજહાંને કેદ કરીને ઇ. સ. 1658 માં તે ગાદીએ બેઠો. 50 વર્ષના લાંબા શાસનકાળ દરમિયાન યુદ્ધો, ચિંતા અને મહેનતથી કથળી ગયેલા ઔરંગઝેબનું ઇ.સ. 1707માં અહમદનગર મુકામે મૃત્યુ થયું .તેના વ્યક્તિત્વમાં અનેક વિરોધી ગુણો અને લક્ષણો હતા, જેના કારણે મુઘલ સામ્રાજ્ય પાયામાંથી હચમચી ગયું. જોકે ઔરંગઝેબના વ્યક્તિનાવમાં કેટલાક પ્રશસનીય ગુણો પણ હતા. તેનું અંગત જીવન સાધુ, સંયમી અને પવિત્ર માનું લોકો તેને 'ઝિદા પીર' કહેતા. તેના જેવી સાદાઈ મનને તેના જેવું સ્વાવલંબન બહુ જ ઓછી વ્યક્તિઓમાં જોવા મળે છે. પોતે સામ્રાજયનો માલિક હોવા છતાં ટોપીઓ સિવિને તેમજ કુરાનની નકલો કરીને ને ગુજરાન ચલાવતો હતો. તે રાજયની સંપત્તિને પ્રજાની સંપતી માનતો હતો. સમગ્ર જીવનદરમિયાન તે કદી શરાબ લીધો ન હતો. વૈભવ અને ભોગવિલાસ તરફ તેને સખત નફરત હતી.
- ઔરંગઝેબ સતાલોભી હતો. તેણે સત્તા પ્રાપ્ત કરવા માટે પોતાના સગા ભાઈઓની હત્યા કરી હતી અને પિતાને કેદમાં નાખ્યા હતા. ઔરંગઝેબ તીવ્ર યાદશક્તિ ધરાવતો હતો. અરબી, ફારસી અને ઇન્દુસ્તાની ભાષા પર તેનું પ્રભુત્વ હતું. તે કુરાન શરીફ નો ઊંડો અભ્યાસુ હતો. કાવ્ય, સંગીત, ચિત્ર વગેરે લલિતકલાઓ પ્રત્યે તેને ભારે સૂગ હતી. તે તીવ્ર અને વેધક બુદ્ધિશક્તિ ધરાવનારો, સાહસિક અને નીડર હતો. ઔરંગઝેબ વિશે સંરે જદુનાથે સરકાર કહે છે કે, "તેનો પચાસ વર્ષનો રાજયઅમલ સંપૂર્ણપણે નિરાશામાં પરિણમ્યો, છતાં બુદ્ધિમત્તા, ચારિત્ર્ય અને સાહસની બાબતમાં આ બાદશાહ એશિયાભરના સૌથી મહાન શાસકોમાંનો એક હતો.'' ઔરંગઝેબ કડક રૂઢિચુસ્ત સુન્ની મુસ્લિમ હતો. અકબરે સ્થાપેલી સહિષ્ણુ ધાર્મિક નીતિમાં ફેરફાર કરીને તેણે અસહિષ્ણુતોની ધાર્મિક નીતિ અપનાવી હતી. તેણે નૃત્ય - સંગીત આદિ મનોરંજનો બંધ કરાવ્યાં હતાં, હિન્દુઓ પર જજિયાવેરો નાખ્યો હતો. ઓરંગઝેબના ધાર્મિક કાનૂનોથી મુસ્લિમોને ફાયદો થયો, પરંતુ મુસ્લિમ રાજયને નુકસાન થયું. તેની અસહિષ્ણુ ધાર્મિક નીતિને લીધે તેની બહુમતી પ્રજા નાખુશ થઈ. તેને રાજપૂતોનો સહયોગ મળી શક્યો નહિ. તેની દખણની નીતિ પણ ભૂલભરેલી હતી.

7. મુઘલ સામ્રાજયની અવનતિ અને પતનનાં કારણો જણાવો.

- ઔરંગઝેબે શાસનકાળનાં અતિ કીમતી 25 વર્ષો દક્ષિણમાં ગાળ્યાં હતાં. આથી ઉત્તરમાં રાજયસત્તા ખૂબ જ શિથિલ બની ગઈ. અધિકારીઓની ગેરશિસ્ત, લાંચ-રુશવત, જાગીરદારોની સ્વચ્છંદતા વગેરે ખૂબ જ વધી ગયાં.

આ બાબતોની અસર વેપાર-વાણિજ્ય અને વહીવટીતંત્ર પર થઈ. રાજ્યમાં પ્રજાની સલામતી ઓછી થઈ ગઈ. રાજય તરફથી મળતી સહાયનાં અભાવે મદરેસાઓ બંધ થઈ ગયા. રાજયમાંથી સાહિત્ય અને સંગીત જેવી કલાઓ અદશ્ય થઈ ગઈ. દક્ષિણ ભારતનાં યુદ્ધોને કારણે રાજયની તિજોરી ખાલી થઈ ગઈ. સૈનિકો અને કર્મચારીઓને પગાર આપવાનું મુશ્કેલ થઈ ગયું. આથી મુઘલ લશ્કરમાં અસંતોષ અને રોષની લાગણી ફેલાઈ ગઈ.

- મુઘલ સામ્રાજ્યની અવનતિ : ઈ. સ. 1707માં ઔરંગઝેબના અવસાન પછી તેના પુત્રોમાં 'વારસાવિગ્રહ' શરૂ થયો. તેમાં બે પુત્રી મૃત્યુ પામ્યા અને શાહજાદો મુઆઝમ 'બહાદુરશાહ' નામ ધારણ કરીના ગાદીએ બેઠો. ઇ.સ. 1712માં તેનું અવસાન થતાં ફરી 'વારસાવિગ્રહ' લડાયો. તેમાં ત્રણ રાજકુમારો મુત્યુ પામ્યા અને જહાંદારશાહ બાદશાહ બન્યો. એક પછી તેને ઉથલાવીને ફરૂખશિયર ગાદીએ આવ્યો. તેનું શાસન છ વર્ષ ચાલ્યું. તે પછી બે અનુગામીઓએ પણ થોડા જ મહિના શાસન કર્યું.
- ઈ. સ. 1719થી 1748 સુધી સૈયદ બંધુઓની સહાય થી મુહમ્મદશાહ શાસન કર્યું. ઇ. સ. 1724માં સિફ્જીહ નામના સૂબેદારે નિઝામ- ઉલમહા વાબ ધારણ કરી દક્ષિણ ભારતમાં સ્વતંત્ર રાજય સ્થાપ્યું. બંગાળ અને અયોધ્યાના સૂબેદારોએ બળવો કર્યો. શીખ, મરાઠા અને રાજપૂતોએ પણ બળવાઓ કર્યા. ઈ. સ. 1739માં ઈરાનનો નાદિરશાહ ભારત પર ચઢી આવ્યો. તેણે દિલ્લીના બાદશાહને પરાજય આપી બેફામ લૂંટ અને ધીર કતલ ચલાવી. તે પાછા ફરતી વખતે 'કોહિનૂર હીરો' તથા 'મયુરાસન સાથે અઢળક ધનસંપત્તિ ઈરાન લઈ ગયો.
- તે કાબુલમાંથી અહમદશાહ અબ્દાલીએ પણ દિલ્લીમાં ત્રણ વાર, લુંટ અને ધોર કલેઆમ ચલાવી, તેને પરાજય આપવા ઈ. સ. 1761 માં પાહિણપતના ત્રીજા યુદ્ધમાં મરાઠા સરદાર સદાશિવરાવ ભાઉના નેતૃત્વ નીચે ખૂનખાર જેગ ખેલાયો. જેમાં મરાઠાઓનો પરાજય થયો અને અહમદશાહ અબ્દાલીની મદદથી મુઘલ બાદશાહ શાહઆલમનો વિજય થયો. શાહઆલમ મરાઠાઓના પક્ષમાં ગયો. આથી રીહિલા સરદારોએ તેને કેદ પકડી આંધળો કર્યો, તે 17 વર્ષનું શાસનું ભોગવી. ઈ. સ. 1806માં અવસાન પામ્યો. તેના ખનુગામીઓએ 50 વર્ષ સુધી બાદશાહપદ જાળવી રાખ્યું.
- અંતિમ મુઘલ શહેનશાહ બહાદુરશાહ ઝફરે ઈ. સ. 1857ના। વિપ્લવમાં સ્વતંત્રતા સંગ્રામનું નેતૃત્વ સંભાળ્યું. અંગ્રેજોએ તેને કેદ પકડી રંગૂનની જેલમાં મોકલી આપ્યો, જયાં કેદીની હાલતમાં જ તનું અવસાન થયું. તેના બે પુત્રોને દિલ્લીમાં જ મારી નાખવામાં આવ્યા. આમ, મોગલાઈનો અંતિમ દીપક બુઝાઈ જતાં ભારતમાંથી મુઘલ શાસનનો અંત આવ્યો. મુઘલ સામ્રાજ્યના પતનનાં મુખ્ય કારણો :
- 1. નિર્બળ વારસદારો : ઔરંગઝેબ પછીના સમ્રાટો નિર્બળ સાબિત થતાં તેઓ મહાન મુઘલ સામ્રાજ્યનો ભાર ઉઠાવી શકે તેમ ન હતા. વારસાવિગ્રહો : મુઘલ સામ્રાજ્યનું 'રાજાપદ' વંશપરંપરાગત અયોગ્ય વ્યક્તિના હાથમાં સત્તા આવતાં અશાંતિ અને અવ્યવસ્થા વધી. વારસાવિગ્રહોમાં શાહજાદાઓનાં મૃત્યુ થયા. આમ મુઘલ સામ્રાજ્યની કિર્તિ અને પ્રતિષ્ઠા ઝાંખી પડી.
- 2. લખલૂટ ખર્ચાઓ : મુઘલ સમ્રાટ અને અમીર-ઉમરાવોએ વૈભવ, વિલાસ, બાંધકામ, મોજશોખ, એ શાખારામ વગેરે પાછળ લખલૂટ ખર્ચાઓ કર્યા.. જહાંગિર અને શાહજહાં એ સંગીત અને નૃત્યના જલસા, જાહોજલાલી અને બાંધકામ પાછળ અતિશય ખર્ચાઓ કરીને તિજોરી ખાલી કરી નાખી.

ઓરંગઝેબે આવા ખચાઓ પર પ્રતિબંધ મુક્યો, પરંતુ રાજ્યની આવકનો મોટો ભાગ દક્ષિણ ભારતમાં 25 વર્ષ સુધી ચાલેલી લડાઈ પાછળ ખર્ચાઈ ગયો. પરિણામે અધિકારીઓ અને સૈનિકોનો પગાર આપવાનું પણ મુશ્કેલ થઈ ગયું. આમ, મુઘલ સત્તાનું પતન થયું.

- 3. પ્રજાના પ્રેમને બદલે લશ્કરી તાકાત પર મદાર : અકબરના અનુગામી બાદશાહોએ હિન્દુઓ, રાજપૂતો, શીખો, મરાઠાઓ, શિયાપથી મુસ્લિમો, ખ્રિસ્તીઓ વગેરે પર જુલમો કરવા માંડ્યા. બળજબરીપૂર્વકની ધમાંતર પ્રવૃત્તિ શરૂ થઈ. તેમણે હિન્દુઓ પરના કર પુનઃ શરૂ કરી ધાર્મિક અસહિષ્ણુ નીતિ અપનાવી. આથી પ્રજાનો રોષ વધ્યો.
- 4. ઔરંગઝેબની સંકુચિત નીતિ : ઓરંગઝેબની સંકુચિત ધાર્મિક નીતિ અને વહેમી સ્વભાવને કારણે મુઘલ સામ્રાજ્યના મિત્રો પણ દુશમનો થઈ ગયા. સામ્રાજ્યનાં ચાવીરૂપ સ્થાનો પર અયોગ્ય વ્યક્તિઓ આવી જતાં સામ્રાજ્યના હિતને નુકસાન થયું. ઔરંગઝેબના અનુગામીઓ પતન પામતી મુઘલ સત્તાને બચાવવા અસમર્થ નીવડ્યા.
- 5. નાદિરશાહ અને અહમદશાહ અબ્દાલીનાં આક્રમણો : મુઘલ સમ્રાટોની દુર્બળતાનો લાભ લઈ ઈરાનના નાદિરશાહ અને કાબુલના અહમદશાહ અબ્દાલીએ વારંવાર આક્રમણો કરી મુઘલ સામ્રાજ્યને છિન્નભિન્ન કરી નાખ્યું. તેમણે કરેલી લુંટફાટ અને કલેઆમે મુઘલ સામ્રાજ્યનો અંત લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. આમ, મૂળમાંથી ખવાઈ ગયેલા અને જર્જરિત બનેલા મુઘલ સામ્રાજ્યનું પતન થયું.

8. મુઘલ સમયની આર્થિક સ્થિતિની મુદ્દાસર સમજૂતી આપો.

- ડો. મજુમદાર અને દત્તના મતે, મુઘલ યુગનો સાચો ઇતિહાસ તો તેમના સમયની આર્થિક પરિસ્થિતિમાંથી જ મળી શકે. કમનસીબે આ વિશે મુસ્લિમ અને બિનમુસ્લિમ લેખકો ઘણી ઓછી માહિતી આપે છે. પરંતુ યુરોપિયન લેખકોની નોંધ પરથી આ વિષયની માહિતી મળે છે.
- 1. કૃષિ અને પશુપાલન : મુઘલ યુગમાં ઘઉં, ડાંગર, કઠોળ, શાકભાજી, ફળ તથા કપાસ, તમાકુ, શેરડી વગેરે પાકોનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થતું હતું. અકબરના સમયમાં તૈડરમલે જમીનની ઊપજ અને ફળદ્રુપતાના પ્રમાણ અનુસાર મહેસૂલ નક્કી કર્યું હતું. આ પદ્ધતિ જહાંગીર અને શાહજહાંના સમયમાં પણ ચાલુ રહી હતી. સિંચાઈ માટેની ખાસ સંવિધાઓ કરવામાં આવી હતી. ખેતીની સાથે પશુપાલનનો વ્યવસાય પણ વિકસ્યો હતો.
- 2. ઉધોગો : સુતરાઉ અને રેશમી કાપડના વણાટકામનો ઉદ્યોગ મુઘલ સમયમાં સૌથી વધુ વિકાસ પામ્યો હતો. ગુજરાતમાં પાટણ, નડિયાદ અને અમદાવાદ, ખાનદેશમાં બુરહાનપુર, ઉત્તર પ્રદેશમાં જોનપુર અને બનારસ તથા બંગાળ અને બિહારનાં કેટલાંક સ્થળોએ સુતરાઉ કાપડનો ઉદ્યોગ વિકાસ પામ્યો હતો. 'પાટણના પટોળાં' ખૂબ જ પ્રસિદ્ધ હતાં. બર્નિયરના જણાવ્યા પ્રમાણે લાહોર, આગરા, બંગાળ અને ગુજરાતનાં કેટલાંક સ્થળોએ રેશમી કાપડ વણવામાં આવતું હતું. શાલ અને સાદડી વણાટનો, છાપકામની કલાનો, વહાલો બનાવવાનો, લાકડાં અને હાથીદાંતની વસ્તુઓ બનાવવાનો, ધાતુ ગાળવાનો, સોના-ચાંદી અને જરઝવેરાતનો ઉદ્યોગ ખૂબ વિકસ્યા હતા. ભારતીય કલા-કારીગરીના નમૂનાઓ દેશ-વિદેશમાં પ્રખ્યાત હતા. રાજ્ય તરફથી આ ઉત્પાદનને ખૂબ પ્રોત્સાહનું આપવામાં આવતું હતું. મુઘલ યુગમાં બધા જ ઉદ્યોગો ખાનગી સાહસો દ્વારા ચાલતા હતા. આથી નાના કારીગરો તથા વણકરોનું ખૂબ શોષણ થતું હતું. તેમની સ્થિતિ અત્યંત દયાજનક હતી. અમલદારો તેમને સસ્તા ભાવે માલ વેચવાની ફરજ પાડતા. તો બીજી બાજુ ધનિકો અને જમીનધરો કારીગરો તથા ખેડૂતોને નાણાંનું

ધિરાણ કરી તેમનું ભારે શોષણ કરતા. ઓરંગઝેબના અવસાન પછી રાજકીય અવ્યવસ્થા અને અરાજકતાની રિઅસર ઉદ્યોગધંધા પર પણ પડી. નાદિરશાહ તથા અહમદશાહે કરેલી લુંટ પછી દિલ્લીની સ્થિતિ અત્યંત ખરાબ થઈ ગઈ હતી.

- 3. ભાવોની સ્થિતિ : મુઘલ શાસનકાળ દરમિયાન જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવે ખુબ નીચા હતા. ઘઉં, ચોખા, શોકભાજી, મસાલા, માંસ, દૂધ વગેરે વસ્તુઓ ઘણી સસ્તી હતી. ઈ. સ. 1630થી 1632 દરમિયાન ગુજરાત તથા દક્ષિણ ભારતમાં પડેલા દુષ્કાળ દરમિયાન લોકોના આર્થિક જીવન પર ઘણી વ્યાપક અસર થઈ હતી. સીકંદરે લોકોની આર્થિક સ્થિતિ સારી હતી. આ સમયના એક અંગ્રેજ લેખ કે ગુજરાતની આબાદી અને જાહોજલાલીની મુક્ત કંઠે પ્રશંસા કરી છે અને ગુજરાતને હિન્દુસ્તાનના બગીચા' તરીકે વર્ણવ્યું છે.
- 4. વેપાર : મુઘલ શાસનકાળ દરમિયાન ભારતના પશ્ચિમ એશિયા અને યુરોપના દેશો સાથે મોટા પાયા પર વેપાર ચાલતો હતો.